પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૦૬-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આસામમાં પૂર: ભારે વરસાદ-૮૦૦ ગામો ડૂબી ગયા-પાક બરબાદ, આસામમાં પૂરથી ૧.૨ લાખ લોકો પ્રભાવિત



ગોવાહાટી,

આસામમાં દુષ્કાળ બાદ હવે ભયંકર પૂરે ભારે તબાહી મચાવી છે. રાજ્યભરના ઘણા શહેરો અને ગામો પૂરથી ડૂબી ગયા છે. બુધવારે પૂરના કારણે સ્થિતિ વધુ વણસી ગઈ હતી. અત્યાર સુધીમાં ૧.૨ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. પૂરના પાણી લગભગ ૧૦ જિલ્લામાં પહોંચી ગયા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, બક્સા, બારપેટા, દરાંગ, ધેમાજી, ધુબરી, કોકરાઝાર, લખીમપુર, નલબારી, સોનીતપુર અને ઉદલગિરી જિલ્લાઓ હેઠળ આવતા પૂરથી ૧.૧૯ લાખ લોકો પ્રભાવિત થયા છે.

રાજ્યનો નલબારી જિલ્લો સૌથી વધુ પ્રભાવિત થયો છે, જ્યાં પૂરથી લગભગ ૪૫ હજાર લોકો પ્રભાવિત થયા છે, જ્યારે બક્સામાં ૨૬ હજાર અને લખીમપુરમાં ૨૫ હજાર લોકો પૂરના કારણે પ્રભાવિત થયા છે. મંગળવાર સુધી લગભગ ૩૪ હજાર લોકો જ પ્રભાવિત થયા હતા, પરંતુ બુધવારે સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. પ્રશાસન ૫ જિલ્લામાં ૧૪ રાહત શિબિરો ચલાવી રહ્યું છે, જ્યાં પૂર પ્રભાવિત લોકોને આશરો આપવામાં આવ્યો છે. અહીં કુલ ૨૦૯૧ લોકોને આશરો આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ૫ જિલ્લામાં ૧૭ રાહત વિતરણ કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યા છે.

અસમમાં એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ, સિવિલ એડમિનિસ્ટ્રેશન, એનજીઓ અને સ્થાનિક લોકો દિવસ-રાત રાહત અને બચાવ કાર્ય માટે કામ કરી રહ્યા છે. અત્યાર સુધી અલગ અલગ જગ્યાએથી લગભગ ૧૨૮૦ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. એએસડીએમએના જણાવ્યા અનુસાર, હાલમાં ૭૮૦ ગામો પાણીની નીચે છે અને લગભગ ૧૦,૦૦૦ હેક્ટર ખેતીની જમીન પાણીની નીચે છે, જેના કારણે ખેતીને ભારે નુકસાન થયું છે.

બક્સા, બારપેટા, સોનીતપુર, ધુબરી, દિબ્રુગઢ, કામરૂપ, કોકરાઝાર, લખીમપુર, માજુલી, મોરીગાંવ, નાગાંવ, દક્ષિણ સલમારા અને ઉદલગુરીમાં મોટા પાયે ધોવાણ જોવા મળ્યું છે. દિમા હસાઓ અને કામરૂપ મેટ્રોપોલિટને અહેવાલ આપ્યો હતો કે ભારે વરસાદને કારણે આ વિસ્તારોમાં ભૂસ્ખલન થયું હતું. આ વિસ્તારોમાં ઘણી જગ્યાએ પાણી ભરાયા છે. એએસડીએમએએ જણાવ્યું હતું કે બેકી રોડ બ્રિજ, પગલિયા એનટી રોડ અને પુથિમારી એનએચ રોડ પર બ્રહ્મપુત્રાની સહાયક નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે.

ભારતીય હવામાન વિભાગે રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે રાજ્યના ઘણા જિલ્લાઓમાં ભારે અને ભારે વરસાદની આગાહી કરી છે. "બંગાળની ખાડીથી ઉત્તર-પૂર્વ ભારત સુધીના નીચા-સ્તરના દક્ષિણ/દક્ષિણ-પશ્ચિમ પવનોને કારણે આગામી બે દિવસ દરમિયાન વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. આઈએમડીના સ્થાનિક હવામાન કેન્દ્રએ જણાવ્યું છે કે આ પવનોને કારણે આગામી બે દિવસ સુધી પૂર્વોત્તર ક્ષેત્રમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. આ પછી, પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ જશે.

ટી રિસર્ચ એસોસિએશને કહ્યું છે કે આસામ અને પશ્ચિમ બંગાળમાં જૂનના પહેલા અઠવાડિયામાં દુષ્કાળને કારણે ચાના પાકને ૧૫ થી ૩૫ ટકા નુકસાન થઈ ચૂક્યું છે. સાથે જ વરસાદને કારણે તેના વાવેતર પર અસર પડી શકે છે, જેની મોટી અસર પાકની આવક પર પડશે. જણાવવામાં આવી રહ્યું છે કે છેલ્લા ૪૦ વર્ષમાં હવામાનની આ સ્થિતિમાં આવી સ્થિતિ જોવા મળી નથી.અત્યાર સુધીમાં લગભગ ૧૨૮૦ લોકોને અલગ-અલગ જગ્યાએથી બચાવી લેવામાં આવ્યા છે. એએસડીએમએ અનુસાર, હાલમાં ૭૮૦ ગામોમાં પૂરનું પાણી ફરી વળ્યું છે અને લગભગ ૧૦,૦૦૦ હેક્ટર ખેતીની જમીન જળબંબાકાર છે, જેના કારણે ખેતીને ઘણું નુકસાન થયું છે.રાજ્યનો નલબારી જિલ્લો સૌથી વધુ પ્રભાવિત થયો છે, અહીં લગભગ ૪૫૦૦૦ હજાર લોકો પૂરની લપેટમાં આવી ગયા છે, જ્યારે બકસામાં ૨૬૦૦૦ લોકો અને લખીમપુરમાં ૨૫૦૦૦ લોકો પૂરને કારણે પ્રભાવિત થયા છે. મંગળવાર સુધી માત્ર ૩૪ હજાર લોકો તેનાથી પ્રભાવિત થયા હતા, પરંતુ બુધવારે આ સ્થિતિ વધુ વિકટ બની હતી. વહીવટીતંત્ર દ્વારા ૫ જિલ્લામાં ૧૪ રાહત શિબિરો ચલાવવામાં આવી રહ્યાં છે જ્યાં પૂર પ્રભાવિત લોકોને આશ્રય આપવામાં આવ્યો છે. અહીં કુલ ૨૦૯૧ લોકોને આશ્રય આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ૫ જિલ્લામાં ૧૭ રાહત વિતરણ કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યા છે.અત્યાર સુધીમાં લગભગ ૧૨૮૦ લોકોને અલગ-અલગ જગ્યાએથી બચાવી લેવામાં આવ્યા છે. એએસડીએમએ અનુસાર, હાલમાં ૭૮૦ ગામોમાં પૂરનું પાણી ફરી વળ્યું છે અને લગભગ ૧૦,૦૦૦ હેક્ટર ખેતીની જમીન જળબંબાકાર છે, જેના કારણે ખેતીને ઘણું નુકસાન થયું છે.

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ બુધવારે નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે મણિપુરમાં ચાલી રહેલી હિંસા અંગે ચર્ચા કરી છે. સાથે જ આ બેઠકમાં તેમણે રાજ્યમાં ભારે વરસાદથી થયેલી તબાહી વિશે જણાવ્યું છે.

## વડોદરાની બે મોટી કેમીકલ કંપનીઓ પર ઈક્મટેન્સના દરોડા, ૩૦ જેટલા સ્થળોએ ટીમો ત્રાટકી




વડોદરા,

વડોદરામાં ઓફિસ ધરાવતી અને શહેર નજીક સહિત અન્યત્રે પ્લાન્ટ ધરાવતી બે મોટી કેમીકલ કંપનીઓના પરિસરમાં ઈક્મટેક્સ વિભાગની ટીમોએ દરોડા પાડ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર, બંને કંપનીઓની કોર્પોરેટ ઓફિસથી લઈને પ્લાન્ટ સુધી તમામ સંકળાયેલી જગ્યાઓ મળી ૩૦ જેટલા સ્થળોએ હાલ દરોડાની કામગીરી ચાલી રહી છે. વડોદરા પાસે ઈન્ડસ્ટ્રીયલ એરીયા છે ત્યાં કેમીકલના આડેધડ નિકાલની બુમો છેલ્લા કેટલાય સમયથી ઉઠી રહી છે, ત્યારે લોકોને પ્રદુષણ કંટ્રોલ બોર્ડ કંપની સામે કાર્યવાહી કરે તેની આશા હતી.

હાલ પ્રાપ્ત પ્રાથમિક સુત્રોના જણાવ્યા અનુસાર, વડોદરા પાસે ગોયલ ગ્રુપની પાનોલી ઈન્ટરમીડિયેટ, તથા શાહ ગ્રુપ સાથે સંકળાયેલી પ્રકાશ કેમીકલ નામની કંપનીઓ આવેલી છે. કંપનીની કોર્પોરેટ ઓફિસ વડોદરામાં અલગ અલગ ઠેકાણે આવેલી છે. આજે સવારથી જ ઈક્મટેક્સ વિભાગની ટીમોએ બંને કંપનીઓની કોર્પોરેટ ઓફિસથી માંડીને પ્લાન્ટ પર દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. અચાનક ઈક્મટેક્સની કાર્યવાહીને પગલે કંપનીના કર્મચારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. બીજી તરફ ઈક્મટેક્સના દરોડાની કામગીરી ચાલતી હોવાને કારણે પરિસર બહાર બંદુકધારી પોલીસ જવાનો બંદોબસ્તમાં મુકી દેવામાં આવ્યા હતા.

સુત્રએ ઉમેર્યું કે, બંને કેમીકલ કંપનીઓ વડોદરા સહિત કચ્છ અને ગાંધીધામમાં પણ પોતાનો પ્લાન્ટ ધરાવે છે. આ જગ્યાઓએ પણ દરોડાની કાર્યવાહી હાલ ચાલી રહી છે. અંદાજીત ૩૦ જેટલા સ્થળોએ આઈટીની ટીમો તપાસ કરી રહી છે. લોકચર્ચા અનુસાર, ચાલુ નાણાંકિય વર્ષમાં વડોદરામાં આ અત્યાર સુધીની સૌથી મોટી ઈક્મટેક્સની કાર્યવાહી માનવામાં આવી રહી છે. બંને કંપનીઓ એક્સપોર્ટ કરતી હોવાથી તેમના રિફંડથી લઈને તમામ હિસાબી રેકોર્ડની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

તાજેતરમાં વડોદરાની આસપાસના ગામોમાં તથા મહિસાગર નદીમાં પાણીનો રંગ બદલાયો હોવાની ઘટનાઓ સામે આવી હતી. આ ઘટનાઓ સામે આવતા જ ધારાસભ્યએ પત્ર લખી કાર્યવાહી કરવાની રજૂઆત પણ કરી હતી. જેથી લોકોને પ્રદુષણ બોર્ડના અધિકારીઓ કાર્યવાહી કરશે તેવી આશ હતી. આ વચ્ચે ઈક્મટેક્સ વિભાગે કાર્યવાહી કરી દેતા લોકોમાં ઉત્સુકતા વ્યાપી હતી.

## રાજસ્થાન : બિકાનેરમાં બે પોલીસ સહિત ત્રણે દલિત છાત્રા પર રેપ બાદ હત્યા કરી

બિકાનેર,

રાજસ્થાનના બીકાનેર જિલ્લામાં એક દલિત વિદ્યાર્થીની સાથે કથિત રીતે ગેંગરેપ બાદ હત્યા કરી દેવાનો મામલો સામે આવ્યો છે. આરોપીઓમાં બે પોલીસ કર્મી સામેલ છે. તેમના વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આરોપી બંને પોલીસ કર્મીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી લેવામાં આવ્યા છે. આ ઘટના બાદ મૃતકના પરિવારજનો ધરણા પર બેઠા છે. તેમણે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે કહ્યું કે, તેઓ તમામ આરોપીઓની ધરપકડ બાદ જ મૃતદેહ ઉઠાવશે. સ્થિતિને ધ્યાનમાં રાખી ઘટનાસ્થળ પર મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવી છે. બીજી તરફ પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ પણ સ્થળ પર હાજર છે.

બિકાનેર રેન્જના પોલીસ મહાનિરીક્ષક ઓમપ્રકાશએ જણાવ્યું કે, વિદ્યાર્થીનો મૃતદેહ મંગળવારે ખજુવાલા વિસ્તારમાંથી મળી આવ્યો હતો. વિદ્યાર્થિનીના પરિજનોએ આ મામલામાં ખાજુવાલા પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલ સહિત ત્રણ લોકો પર આરોપ લગાવ્યો છે. જે બાદ બંને પોલીસ કર્મીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કેસની તપાસ ચાલી રહી છે. બીકાનેરના પોલીસ અધિક્ષક તેજસ્વીની ગૌતમે જણાવ્યું કે, પીડિતાના પરિવાર અને સંબંધીઓ મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે સંમત થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પોલીસે જણાવ્યું કે, આ મામલે ખાજુવાલા પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૩૭૬-ડી સહિત અન્ય કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાનો શિકર બનેલી વિદ્યાર્થીની કમ્પ્યૂટરનો કોર્સ કરી રહી હતી . તેમનો મૃતદેહ ખાજુવાલા સ્થિત એક ઘરમાંથી મળી આવ્યો હતો. પરિવારજનોનો આરોપ છે કે, પોલીસ કર્મી મનોજ અને ભાગીરથ ત્રીજા આરોપી દિનેશ બિશ્નોઈ સાથે મળીને વિદ્યાર્થીનીને તે ઘરમાં લઈ ગયા. પછી ત્યાં તેની સાથે સામૂહીક દુષ્કર્મ આચર્યું અને ત્યારબાદ તેની હત્યા કરી નાખી. પોલીસે જણાવ્યું કે મૃતક અને મુખ્ય આરોપી એકબીજાને ઓળખતા હતા. તેમના કોલ રેકોર્ડ મળી આવ્યા છે. આ કેસમાં બંને કોન્સ્ટેબલની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. અધિક પોલીસ અધિક્ષક દીપક શર્મા કેસની તપાસ કરી રહ્યા છે. દરમિયાન આ ઘટનામાં પોલીસ કર્મીઓની સંડોવણીને લઈને ભાજપે ગેહલોત સરકાર પર નિશાન સાધ્યું છે.

## સુરત ફરી લજવાયું, ચાર વર્ષીય બાળકી પર દુષ્કર્મ થયું



સુરત,

એક બાળકી પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. ઈચ્છાપોરમાં શ્રમજીવી પરિવારની ૪ વર્ષીય બાળકી પર નરાધમ ઈસમ દ્વારા દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. બીજી તરફ બાળકીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે તો આ મામલે પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે.

સુરત પોલીસ નાની બાળકીઓ સાથે થતા દુષ્કર્મ અટકાવવા માટે અનેક અભિયાનનો ચલાવી રહ્યા છે. તે છતાં ફરી વખત નાની બાળકી દુષ્કર્માનો ભોગ બની છે. સુરતના ઈચ્છાપુર વિસ્તારમાં શ્રમજીવી પરિવારની ચાર વર્ષની બાળકીને મોડી રાત્રે કોઈ વ્યક્તિ લઈ ગયા બાદ તેની સાથે દુષ્કર્મ કરીને છોડી મૂકી હતી. જોકે આ બાળકી મેળતા પોતાના ઘરે પરત ફરતા પરિવાર બાળકીને લઈ હોસ્પિટલ પહોંચ્યો હતો.

જે બાદ સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી જઈ બાળકીની સારવાર શરૂ કરાવી હતી અને ઘટના જે સ્થળે બની હતી ત્યાં પહોંચી સીસીટીવી ચેક કરવાની શરૂઆત કરી હતી. જોકે સીસીટીવીમાં એક શંકાસ્પદ વ્યક્તિ દેખાતા તેની અટકાયત કરી તેની પૂછપરછ શરૂ કરી છે.

ઈચ્છાપોર પોલીસનો કાફલો પણ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યો હતો. હાલ આ મામલે પોલીસ દ્વારા ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં બાળકીઓને પીંખનારાને કડકમાં કડક ફાંસીની સજા સંભળાવવામાં આવી હોવા છતાં આવી ઘટનાઓ અટકતી ન હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## ગુજરાત હાઈકોર્ટે વધુ એક પોર્ટલ કર્યું લોન્ચ, RTE અરજીઓથી લઈને ફર્સ્ટ અપીલ ઓનલાઈન કરી શકાશે



અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટના ઍક્ટિંગ ચીફ જસ્ટિસ આઈટી કમિટી અને રુલ્સ કમિટીના નિર્દેશોથી રાજ્યની તમામ હાઈકોર્ટમાં ઈ આરટીઆઈ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યુ છે જેમાં અરજદાર આરટીઆઈની ઓનલાઈન અરજીઓ, આરટીઆઈની ફર્સ્ટ અપીલ કરી શકશે અને અરજદાર આરટીઆઈ અરજીનું સ્ટેટસ પણ ઓનલાઈન જાણી શકશે. આ ઉપરાંત અરજદારને જવાબ પણ ઈમેઈલ અને મેસેજ મારફતે આપવામાં આવશે. આ માટે અરજદારે હાઈકોર્ટની વેબસાઈટ પર આરટીઆઈ પોર્ટલ પર પોતાના ઈ-મેઈલ અને મોબાઈલ નંબરથી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કર્યા બાદ અરજદાર ઓનલાઈન આરટીઆઈ કરી શકશે. આ માટે અરજદારે ઓનલાઈન અરજી માટે નિયત કરેલો ચાર્જ ઓનલાઈન ચૂકવવાનો રહેશે. અરજદારે હાઈકોર્ટની વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવુ પડશે જેમા અરજદારે પોતાનું એક આઈડી પ્રુફ તેમજ ૧એમબીની સાઈઝમાં અપલોડ કરવાનું રહેશે. આ અરજી ફાઈલ થયા બાદ એક રેફરન્સ નંબર મળશે જે અરજદારે સાચવીને રાખવો પડશે. ઓનલાઈન અરજીમાં બીપીએલ કાર્ડધારકોએ તેની સર્ટિફાઈડ કે ટ્રૂ કોપી અથવા ઓથોરિટીએ આપેલ સર્ટિફિકેટ અપલોડ કરવાનું રહેશે. અરજી કર્યા બાદ પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસર દ્વારા તેનો જવાબ ઓનલાઈન જ આપશે. આ જવાબના ૩૦ દિવસની અંદર જ અપીલ પણ થઈ શકશે. જેનો અપીલ નંબર પણ મળશે.

## હવાઈ અને જમીન સુરક્ષા માટે રાજસ્થાન બોર્ડર પર તૈનાત કરવામાં આવશે ઘાતક 'હન્ટર કિલર' ડ્રોન, અમેરિકા સાથે ડીલ

જયપુર,

ભારતીય દળોને હવાઈ અને જમીન સુરક્ષા માટે વિશ્વનું સૌથી ઘાતક 'હન્ટર કિલર' ડ્રોન મળવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસમાં એમક્યુ-૯ બી રીપર અથવા પ્રિડેટર ડ્રોનની ડીલ થશે.લગભગ ૨૯ હજાર કરોડ રૂપિયાના આ સોદાથી દેશને ૩૦ ફાઈટર ડ્રોન મળશે. તેમાંથી ૧૪ નેવીને અને આઠ-આઠ એરફોર્સ અને આર્મીને આપવામાં આવશે. તેને રાજસ્થાનમાં પાકિસ્તાન સાથેની સરહદ પર પણ તૈનાત કરી શકાય છે.

'હન્ટર કિલર' એ જ ડ્રોન છે જેના વડે અમેરિકાએ ત્રણ વર્ષ પહેલા મિસાઈલ હુમલામાં ઈરાની જનરલ કાસિમ સુલેમાનીની હત્યા કરી હતી. એરફોર્સ પાસે ૪૨ને બદલે માત્ર ૨૨ સ્ક્વોડ્રન છે. નેવી પાસે મિગ-૨૯ ફાઈટર જેટ છે. સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર આઈએમએસ વિક્રાંત માટે ફાઈટર એરક્રાફ્ટ ખરીદવામાં આવનાર છે. હવે આ ડ્રોનથી નેવી અને એરફોર્સને નવી તાકાત મળશે. સાથે જ તે જમીન પર હુમલો કરવા માટે સેના માટે એક મજબૂત હથિયાર સાબિત થશે.

બાલાકોટ જેવી સર્જિકલ સ્ટ્રાઈક માટે સેના માટે 'હન્ટર કિલર' સૌથી શક્તિશાળી હથિયાર બનશે. ભારત આ ડીલ માટે અમેરિકા સાથે પાંચ વર્ષથી વાત કરી રહ્યું છે. ભારતીય નેવીએ બે ડ્રોન લીઝ પર લીધા છે. તેનો સામનો કરવા માટે ચીને તાજેતરમાં ચેંગ હોંગ-૪ શ્રેણીના ડ્રોન લોન્ચ કર્યા છે. ઓગસ્ટ ૨૦૨૧માં ચીને પાકિસ્તાનને ૫ ડ્રોન ટ્રાયલ માટે આપ્યા છે. તેણે બહાવલપુર એરબેઝ પર ચાર અને નેવલ બેઝ પર એક જવાન તૈનાત કર્યા છે.

હન્ટર ડ્રોન ૪૦ થી ૫૦ હજાર ફૂટથી વધુની ઉંચાઈ પર ઉડી શકે છે. ચીનની સરહદે આવેલી ન્છઝ પર આ ખૂબ અસરકારક સાબિત થશે. તે ૩૦ થી ૪૦ કલાક સુધી સતત ઉડવાની ક્ષમતા ધરાવે છે. તે ૫,૬૭૦ કિલોગ્રામ સુધીનું વજન વહન કરી શકે છે. તેની ઈંધણ ક્ષમતા બે હજાર ૭૨૧ કિગ્રા છે. આ ડ્રોન એન્ટી સબમરીન, એન્ટી સરફેસ અને સર્જીકલ સ્ટ્રાઈક જેવા ઓપરેશનમાં અસરકારક છે.

## વધુ એક રાજ્યમાં NDA ગઠબંધન તૂટવાની તૈયારીમાં!

નવીદિલ્હી,

બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે દિલ્હીમાં બેઠક બોલાવી હતી. જેમાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર, પ્રદેશ પ્રભારી બિપ્લબ દેબ, પ્રદેશ અધ્યક્ષ ઓમપ્રકાશ ધનખડ અને હરિયાણા બીજેપી કોર ગ્રુપના નેતા શામેલ થયા. સિરસાની રેલીના તરત બાદ ભાજપના હરિયાણા યુનિટે ભાજપ હાઈકમાનને તાજા ફીડબેક આપ્યા છે. રિપોર્ટ્સ અનુસાર આ બેઠકમાં જેજેપીની સાથે ગઠબંધન તૂટવાની સ્થિતિમાં પ્લાન-બીને લઈને ચર્ચા થઈ. ભાજપના ઘણા નેતા પહેલા પણ એકલા ચાલવાની સલાહ આપી ચુક્યા છે. માનવામાં આવી રહ્યું છે કે બીજેપી અપક્ષ ધારાસભ્યોને લઈને ચર્ચા કરવામાં લાગી છે કે કેમ તેમના વિશ્વાસે સરકાર ઉભી રહી શકે છે. હલોપા પ્રમુખ અને ધારાસભ્ય ગોપાલ કાંડાને લઈને પણ ભાજપ નિર્ણય કરવામાં લાગી છે કે તેમની પાર્ટીનું ભાજપમાં વિલય કરવાનું છે કે નહીં. ત્યાં જ બીજી તરફ હરિયાણામાં કોંગ્રેસ જે રીતે સક્રિયતા વધારી રહી છે તે રીતે બીજેપી હવે જવાબ આપવા માટે ફિલ્ડમાં ઉતરશે.

સૂત્રોની માનીએ તો અપક્ષ ધારાસભ્યોની ભાજપને સમર્થન આપવાની વાતને લઈને પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે. થોડા દિવસો પહેલા અપક્ષ ધારાસભ્યોએ હરિયાણા પ્રદેશ પ્રભારી બિપ્લબ દેવ સાથે મુલાકાત કરી હતી. હરિયાણામાં બીજેપી અને હવે બીજા એક એક્ટિવ મોડમાં જોવા મળવાના છે.૩૦ જૂન સુધી જ્યાં પ્રદેશના ઘણા જિલ્લામાં રેલીઓ છે. ત્યાં હવે જુલાઈ મહિનામાં પણ એક્ટિવ રહેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. હવે હરિયાણા બીજેપી સરકારની યોજનાને લોકો સુધી પહોંચાડવામાં ઝડપથી એક્ટિવ થવાની છે. ત્યાં જ અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે કે કોઈ પણ કચાશ ન છોડવામાં આવે.

## અમરનાથ યાત્રા માટે એડવાઈઝરી જાહેર કરવામાં આવી, શ્રદ્ધાળુઓએ શારીરિક રીતે ફિટ હોવું જરૂરી

શ્રીનગર,

હિન્દુ ધર્મમાં અમરનાથ યાત્રાનું ઘણું મહત્વ છે. એવું કહેવાય છે કે જે કોઈ ભગવાન શિવને અહીં બરફના શિવલિંગના રૂપમાં બેઠેલા જુએ છે, તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ વર્ષે અમરનાથ યાત્રા ૧લી જુલાઈથી શરૂ થઈ રહી છે. આવી સ્થિતિમાં અમરનાથ શ્રાઈન બોર્ડે સ્વાસ્થ્ય સલાહ જાહેર કરી છે જેથી શ્રદ્ધાળુઓ અગાઉથી તૈયાર રહે અને યાત્રા દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે. ઊંચાઈવાળા સ્થળે સ્વાસ્થ્ય સંબંધિત કોઈપણ પ્રકારની સમસ્યાઓથી બચવા માટે શું કરવું જરૂરી છે, તેને લગતી તમામ માહિતી એડવાઈઝરીમાં આપવામાં આવી છે. કહેવામાં આવ્યું છે કે યાત્રામાં આવતા પહેલા શ્રદ્ધાળુઓ માટે શારીરિક રીતે ફિટ રહેવું જરૂરી છે. આ માટે તરત જ તૈયારી શરૂ કરો. એટલે કે યાત્રાના એક મહિના પહેલા સવાર-સાંજ ચાલવાનું શરૂ કરો. આ દરમિયાન દરરોજ ૪-૫ કિલોમીટર ચાલો. આ સિવાય શરીરમાં ઓક્સિજનની યોગ્ય માત્રા માટે વ્યાયામ ખૂબ જ જરૂરી છે. મુસાફરી કરતા પહેલા ઊંડા શ્વાસ લેવાની કસરત અને પ્રાણાયામ કરો. જો તમને પહેલાથી જ સ્વાસ્થ્ય સંબંધી કોઈ સમસ્યા હોય તો યાત્રા પર જતા પહેલા ડોક્ટર દ્વારા ચેકઅપ કરાવવું જરૂરી છે. યાત્રા દરમિયાન, ચઢતી વખતે ધીમે ધીમે ચાલો અને ઢોળાવ પર આરામ કરો. બાબા બર્ફાની તરીકે ઓળખાતા અમરનાથ ધામની મુલાકાત લેવા માટે ભક્તો દર વર્ષે આતુરતાપૂર્વક રાહ જુએ છે. આ વર્ષે ૧ જુલાઈથી શરૂ થયેલી અમરનાથ યાત્રા ૩૧ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. એવું માનવામાં આવે છે કે બાબા બર્ફાનીની આ ગુફામાં ભગવાન શિવે માતા પાર્વતીને તેમના અમરત્વનું રહસ્ય જણાવ્યું હતું. અમરનાથ યાત્રાને સૌથી મુશ્કેલ યાત્રાઓમાંની એક માનવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૪ કિલોમીટર સુધીની આ યાત્રા દરમિયાન ઉંચાઈ, ઢાળવાળી ઊંચાઈ અને સાંકડા રસ્તાઓમાંથી પસાર થવું પડે છે. આ જ કારણ છે કે આ યાત્રા પહેલા શ્રદ્ધાળુઓ માટે હેલ્થ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

## કેન્દ્ર સરકાર ફરીથી જૂની પેન્શન પદ્ધતિ અપનાવે તેવી સંભાવના

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર પોતાના કર્મચારીઓને તેમના આખરી પગારના ૪૦-૪૫ ટકા લઘુતમ પેન્શન આપવાની ઓફર આપી શકે છે તેના માટે બજાર સાથે સંકળાયેલી વર્તમાન પેન્શન સ્કીમમાં બદલાવ કરી શકે છે, તેમ બે સરકારી અધિકારીઓને ટાંકીને અહેવાલોમાં જણાવાયું હતું.

આ પગલું સરકાર દ્વારા ગયા એપ્રિલમાં એક સમિતિની રચના બાદ ભરવામાં આવ્યું છે. નોંધનીય છે કે ૨૦૨૪મા દેશની સામાન્ય ચૂંટણી છે કે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના દુર્લભ ત્રીજા કાર્યકાળ માટે પ્રયાસ કરશે. ૨૦૦૪માં એક મહત્ત્વપૂર્ણ રાજકોષીય સુધારા બાદ અપનાવવામાં આવેલી વર્તમાન પેન્શન પદ્ધતિ પર મોદીને ફરીથી વિચારણા કરવા માટે મજબૂર કરવામાં આવ્યા છે. વર્તમાન રાષ્ટ્રીય પેન્શન યોજનામાં કર્મચારીએ પોતાના મૂળ વેતનના ૧૦ ટકા યોગદાન આપવાનું હોય છે અને તેની સામે સરકાર ૧૪ ટકા યોગદાન આપતી હોય છે.

જૂની પેન્શન પદ્ધતિમાં કર્મચારીના છેલ્લા પગારના ૫૦ ટકા નિશ્ચિત પેન્શનની ગેરેન્ટી છે. સરકાર વર્તમાન યોજનામાં સુધારો કરવાની યોજના બનાવી રહી છે કે જેથી કર્મચારી અને સરકાર બન્નેનું યોગદાન જળવાઈ રહે અને કર્મચારીઓને તેમના આખરી પગારના ૪૦-૪૫ ટકા ગેરેન્ટેડ પેન્શન સુનિશ્ચિત કરી શકાય.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

પટેલ મુકેશભાઇ હિંમતભાઇ

તરફથી અભીનંદન....

મુ. ઝાબ-પટેલ ફળીયું, તા. દે.બારીયા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

રાઠવા ફુલાભાઇ તેરાભાઇ

તરફથી અભીનંદન....

મુ. કાકલપુર-થાણા ફળીયું, તા. દે.બારીયા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

### ૧૭ વર્ષની સગીરાનો એકલતાનો લાભ લઈ ઈજ્જત લેવાના ગુન્હામાં

# આરોપી લક્ષ્મણભાઈ ધીરાભાઈ ડીંડોરને પોકસો એક્ટ હેઠળ ૧૦ વર્ષની સખત કેદ અને દંડની સજા

લુણાવાડા,

મહીસાગર લુણાવાડાના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ ચાલી જતા ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એકટ હેઠળ ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપીને ૧૦ વર્ષની સખત કેદ અને દંડનો હુકમનો આદેશ.

કોર્ટ દવારા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને ભોગબનનારને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ.

આ કેસની વિગત એવી છે કે, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના કોસંબા ગામના આરોપી લક્ષ્મણભાઈ ધીરાભાઈ ડીંડોરનાઓએ સને ૨૦૨૨માં ૧૭ વર્ષની સગીરાનો એકલતાનો લાભ લઈ ઈજ્જત લેવાના ગુન્હામાં આરોપી વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પોકસો એકટ તેમજ ઈ.પી.કો.કલમ મુજબ ગુનો નોંધાયા બાદ મહીસાગરના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂધ્ધ સદર કેસ ચાલી જતા અને સરકાર તફરે્ સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની દલીલોને ગ્રાહય રાખી સ્પે.પોકસો જજ અને એડીશનલ સેશન્સ જજ જે. એન. વ્યાસ એ આવા ગુન્હાઓ અટકાવવા સારૂ સમાજમાં દાખલો બેસે તેવો ચુકાદો આપ્યો હતો. કોર્ટે ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એકટ હેઠળ આરોપી લક્ષ્મણભાઈ ધીરાભાઈ ડીંડોરને ૧૦ વર્ષની સખત કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો અને કોર્ટ દ્વારા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને ભોગબનનારને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ આજરોજ તા.૨૨/૦૬/૨૩ એ કરેલ છે.

# સંતરામપુરની સગીરાને ભગાડી ગુન્હાના આરોપીએ પોકસો એકટ હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતી કોર્ટ

લુણાવાડા,

૧૬ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી પટાવી ભગાડી જવાના ગુન્હામાં આરોપી મુકેશભાઈ રમેશભાઈ માલીવાડને પોકસો એકટ હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા.

મહીસાગર લુણાવાડાના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ ચાલી જતા ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એકટ હેઠળ ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને દંડ હુકમનો આદેશ.

કોર્ટ દવારા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને ભોગબનનારને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ.

આ કેસની વિગત એવી છે કે, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના નાન સલાઈ ગામના આરોપી મુકેશભાઈ રમેશભાઈ માલીવાડનાઓએ સને ૨૦૨૦માં ૧૬ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી પટાવી ભગાડી જઈ યોન શોષણ કરેલ હોય આરોપી વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પોકસો એકટ તેમજ ઈ.પી.કો.કલમ મુજબ ગુનો નોંધાયા બાદ મહીસાગરના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂધ્ધ સદર કેસ ચાલી જતા અને સરકાર તરફે સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની દલીલોને ગ્રાહય રાખી સ્પે.પોકસો જજ અને એડીશનલ સેશન્સ જજ જે.એન.વ્યાસ એ આવા ગુન્હાઓ અટકાવવા સારૂ સમાજમાં દાખલો બેસે તેવો ચુકાદો આપ્યો હતો અને કોર્ટે ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એકટ હેઠળ આરોપી મુકેશભાઈ રમેશભાઈ માલીવાડને ૨૦ વર્ષની સખત કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો અને ભોગબનનારને કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો.


### હાઈકોર્ટ દ્વારા મકાન અને માર્ગ વિભાગ પંચાયત નાકાઈ સંતરામપુર તથા


# કાર્યપાલક ઈજનેર લુણાવાડાની કચેરીમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા કામદારને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી ૧૦ વર્ષનું બાકી નીકળતું રિવાઈઝ પેન્શન તથા અન્ય લાભો આપવાના આદેશ

લુણાવાડા,

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મકાન અને માર્ગ વિભાગ પંચાયત સંતરામપુર નાકાઈ તથા કાર્યપાલક લુણાવાડા ચાલતા મકાન અને માર્ગ વિભાગની કચેરીમાં તારીખ ૨૧/૧/૪૭ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા મનસુખભાઈ કનકાભાઈ પરમારને તેમની નોકરીના અરસા દરમિયાન તેઓને સરકારના જાહેર કરેલ તારીખ૧૭/૧૦/૮૮ પરિપત્ર મુજબના લાભો આપવામાં આવતા હતા. તેઓની ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થતા સરકારના નિયત કરેલ નિયમો અનુસાર તેઓને તારીખ ૩૧/૧/૨૨ના રોજ તેમની નોકરી માંથી નિવૃત્ત કરવામાં આવેલ નિવૃત્તિ સમયે જે તે સમયના અધિકારીઓ દ્વારા અરજદાર એમ.કે.પરમારને તેમની રોજમદાર તરીકેની ૧૦ વર્ષની અગાઉની નોકરીનો સમયગાળો કપાત કરી કાયમી થયા બાદનો સમયગાળો ગણી પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે જેને લઈ કામદારે નારાજી વ્યકત કરી તેઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈનો સંપર્ક કરી તેમને થયેલ અન્યાય બાબતે જરૂરી દસ્તાવેજો સહિત રજૂઆતો કરતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી કપાસ કરેલ ૧૦ વર્ષના બાકી નીકળતું રિવાઈઝ પેન્શન મેળવવા માટે એસ.સી.એ. અરજી નંબર ૨૫૦૬૧/૨૨ દાખલ કરવામાં આવે જે અરજીમાં અરજદાર તરફે ફેડરેશનના એડવોકેટ હાજર રહી કામદારને મળવાપાત્ર કપાત કરેલ દસ વર્ષનું પેન્શન મેળવવા જરૂરી દસ્તાવેજો રજૂ કરેલા ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટ દ્વારા બંને પક્ષકારોના એડવોકેટની દલીલો સાંભળી ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એમ.એમ. ભટ્ટ દ્વારા અરજદાર એમ.કે.પરમારને તેમની રોજમદાર તરીકેની નોકરીનો સમયગાળો સળંગ ગણી બાકી નીકળતું રિવાઈઝ પેન્શન તેમજ મળવા પાત્ર તમામ પ્રકારના હક્કો ચૂકવી આપવાનો તારીખ ૭/૬/૨૩ ના રોજ હુકમ જારી કરવામાં આવેલ જે હુકમ થકી ગુજરાતભરના તમામ વિભાગોના કામદારોને તેમની રોજમદાર તરીકેની ૧૦ વર્ષથી નોકરી સળંગ ગણી મળવાપાત્ર રીવાઈસ પેન્શનનો લાભ મળશે તેવી આશાથી તમામ વિભાગના કામદારોમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

# કડાણા ડેમમાં પાણીની સપાટી ઘટતા નદીનાથ મહાદેવ મંદિરના દ્વારા ખુલ્યા





મલેકપુર,

મહીસાગર જીલ્લાના કડાણા જળાશય પાછલા ભાગમાં ચારેકોર પાણી અને ડુંગરોની હારમાળા વચ્ચે ગુફામાં આવેલ અલૌકિકી અને પૌરાણિક નદીનાથ મહાદેવ મંદિરના દ્વાર પુનઃ ખુલ્લા થતા ભક્તો ભાવવિભોર બની પાણીના માર્ગે દર્શન માટે પહોંચ્યા હતા. આ મંદિર ૧૦૦૦ વર્ષ પૌરાણિક છે, આખું વર્ષ પાણીથી ઢકાયેલ રહેતા ભક્તો સામાન્ય દિવસોમાં દર્શન કરી શકતા નથી કડાણા ડેમના નિર્માણ બાદ આ મંદિર ડુબાણમાં ગયું હતું. હાલ કડાણા ડેમની સપાટી ઘટતા મંદિરના પટ ખુલ્લા થયા હતા ચારેકોર પાણી અને ડુંગરો વચ્ચે ગુફામાં આવેલ આ મંદિરના દર્શન જોખમી અને મુશ્કેલી ભર્યા છે, અહીંયા સુધી પહોંચવા અન્ય કોઈ માર્ગ ન હોવાથી માત્ર નદીના રસ્તે હોડી દ્વારા અહીંયા પહોંચી શકાય છે. ડેમના નિર્માણ પહેલા અહીંયા મહી પુનમનો મેળો ભરાતો હતો અને પાંચ દિવસ સુધી ભક્તો મોટી સંખ્યામાં દર્શનનો લાભ લેતા હતા. ડેમના નિર્માણ બાદ આ ગુફામાં આવેલ મંદિર ડુબાણમાં જતા સતત ૨૦ વર્ષ સુધી પાણીમાં ડૂબેલું રહ્યું હતું. વર્ષ ૨૦૨૦ મા ડેમમાં પાણીનું સ્તર નીચું જતા મંદિરના પટ ખુલ્યા હતા. ત્યાર બાદ દર વર્ષે જુન–જુલાઈ મહીનામાં ડેમની સપાટી ઘટતા ગુફાનો માર્ગ ખુલતા ભક્તો મહાદેવના દર્શન માટે પહોંચે છે. દર વર્ષે સૌ પ્રથમ મંદિર સુધી પહોંચી ભક્તો અને વાચકો સુધી નદીનાથ મહાદેવના શિવલિંગના દર્શન તસ્વીરના માધ્યમથી પહોંચાડી રહ્યું છે.

ચારેકોર પાણી અને ડુંગરની હારમાળાઓ વચ્ચે પત્થરની ગુફામાં આવેલું નદીનાથ મહાદેવ મંદિર ૧૦૦૦ વર્ષ પુર્વેનું હોવાનું કહેવાય છે. સંત મહારાજા દ્વારા મંદિરની પુજા કરવા માટે ગોસાઈ મહારાજ રાખ્યા હતા. જે આજે પણ આ મંદિરની પુજા કરે છે. આ મંદિર સ્વયંમ ભૂ સ્થાપિત તરીકે ઓળખાય છે. આશ્ચર્યની વાત એ છે કે, અહીંયાનું શિવલિંગ હસ્ત કામળથી છૂટું છે બારેમાસ પાણીના પ્રવાહ હોવા છતાં તે તેની જગ્યા ઉપર થી ખાસતું નથી. ડેમના પાછલા ભાગમાં આવેલ બેટ વિસ્તાર આસપાસના લોકો માટે આ મંદિર શ્રદ્ધા અને આસ્થાનું પ્રતીક રહ્યું છે. એક લોક વાયકા મુજબ અંગ્રેજો નાગમણિ મેળવવા લાલિયા લુહારનો પીછો કર્યો હતો. અંગ્રેજો થી બચવા તે આ મંદિરના ધરામાં કુદી ગયો હોવાનું લોકોમાં ચર્ચાય છે.

# મહીસાગર જિલ્લામાં વિવિધ સ્થળેથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દૂધની બનાવટ અને પાણીના લેવામાં આવેલ સેમ્પલ માંથી ૩ સેમ્પલ ફેલ થયા



લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા અલગ અલગ જગ્યાઓ પર વેચાણ થતા ઠંડા પીણાં, દૂધની બનાવટની વસ્તુઓ જે ગુણવત્તા સભર છે કે નહીં એન તે ખાવા લાયક છે કે નહીં તે માટે તાપસ હાથ ધરવામાં આવી હતી જેમાં અલગ અલગ લેવાયલ સેમ્પલ માંથી પાણી અને પનીરના સેમ્પલ ફેલ થયા છે. જિલ્લાના વિવિધ શહેરોમાં તાજેતરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દૂધની બનાવટ અને પાણીના મળી કુલ ૧૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં લુણાવાડા તાલુકામાંથી અલગ અલગ સેમ્પલ લઈ તાપસ કરવામાં આવી હતી. જેમાં પાણીના બે સેમ્પલ ફેલ થયા છે, બીજી તરફ સંતરામપુર શહેરમાંથી લેવાયલ સેમ્પલ માંથી એક પનીરનું પણ સેમ્પલ ફેલ થયું હતું. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર લુણાવાડા તાલુકાના નાના સોનેલા ખાતે આવેલ કાન્હા એન્ટરપ્રાઈઝ માંથી એકવાફીલ અને બિલશન બ્રાન્ડના પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. એકવાફીલ અને બિલશન બ્રાન્ડની મિનરલ વોટરની કંપનીઓ આવેલી છે. જેના સેમ્પલ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તપાસણીમાં ફેલ થયા છે. સંતરામપુર શહેરમાંથી મુકતેશ્વર મહાદેવ પાર્લરમાંથી મલાઈ પનીરનું સેમ્પલ લેવાયું હતું. જે તપાસણીમાં ફેલ થયું હતું. ફેલ થયેલ સેમ્પલ અંગે હવે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તો બીજી તરફ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ઓફીસ મહીસાગર જિલ્લામાં ન હોવાથી જિલ્લામાં ભેળસેળનું પ્રમાણ વધ્યું છે.

# મહીસાગર જીલ્લાના રાઘવનાં મુવાડા પ્રાથમિક શાળા ખાતે નવનિર્મિત મકાનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



મહીસાગર,

મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના રાઘવનાં મુવાડા પ્રાથમિક શાળા ખાતે નવનિર્મિત મકાનનો લોકાર્પણ કાર્યક્રમ ઈન્ચાર્જ કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલની ઉપસ્થિતિમાં યોજાયો.

આ પ્રસંગે ઈન્ચાર્જ કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલએ બાળકોને પ્રોતસાહિત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એટલે કેળવણી દુનિયાનું સૌથી વધુ આનંદ આપતું કાર્ય શિક્ષણ છે. શિક્ષકોએ બાળકોના મનમાં સપનાનું વાવેતર કરવું જોઈએ અને બાળકોને રોજબરોજ વાચન તરફ વળવું જોઈએ. બાળકોની અંદર છૂપાયેલી શક્તિને બહાર લાવવાનું કામ શિક્ષકનું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે,મારૂં ગામ હરિયાળું ગામ અંતર્ગત દરેક ગામમાં ૭૫ વૃક્ષ અને તળાવો પર ૭૫ વૃક્ષ વાવી પ્રકૃતિનું જતન કરીએ અને દરેક બાળક એક વૃક્ષ વાવવું જોઈએ.

આ પ્રસંગે નિવૃત્ત (આઈ.એ.એસ.) એચ.એસ. પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અવનીબા મોરી, ગામના સરપંચ, શાળાના આચાર્ય, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે ઈન્ચાર્જ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાયો




મહીસાગર,

જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ થઈ ગયા છે. આ ૨૦ વર્ષમાં અસંખ્ય લોકોએ સ્વાગત કાર્યક્રમ થકી પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે. આજરોજ મહીસાગર જીલ્લાના કલેકટર કચેરી મિટિંગ હોલ ખાતે ખાતે ઈન્ચાર્જ કલેકટર ચંદ્રકાંત પટેલના અદયક્ષ સ્થાને જીલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૧૧ જેટલી અરજીઓનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. આ તમામ પ્રશ્નોનું સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ તમામ ફરીયાદોના અરજદારઓને સંબધિત વિભાગના અધિકારીઓની હાજરીમાં જીલ્લા ઈન્ચાર્જ કલેક્ટર દ્વારા સાંભળવામાં આવી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર, અરજદારો સહિત તમામ જીલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરવા(હ), ગોધરા તાલુકા, રાજગઢ પોલીસ મથકના લુંટ ધાડ અને ચોરીનો ૧૦ વર્ષથી વોન્ટેડ આરોપીને LCB પોલીસે સંતરોડથી ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકા, મોરવા(હ), રાજગઢ પોલીસ મથકમાં ધાડ લુંટ, ઘરફોડ ચોરીઓના ૩ ગુન્હામાં ૧૦ વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને સંતરોડ પુલ નીચેથી એલ.સી.બી. પોલીસે ઝડપ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ગોધરા તાલુકા, મોરવા(હ) અને રાજગઢ પોલીસ મથકના ધાડ લુંટ, ઘરફોડ ચોરી જેવા ગુન્હામાં ૧૦ વર્ષથી વોન્ટેડ આરોપી પારૂ ઉર્ફે પરીયો ઉર્ફે પારીયાભાઈ દલાભાઈ પલાસ (રહે. ખજુરીયા, ધાનપુર) સંતરોડ પુલ નીચે ઉભો છે. તેવી ચોકકસ બાતમીના આધારે આરોપીને ઝડપી પાડી મોરવા(હ) પોલીસને સોંપવામાં આવ્યો.

# મહિસાગર જીલ્લામાં બોરવેલ ખુલ્લા રાખવામાં આવેલ હશે અને તેમાં કોઈ બાળક પડી જવાની ઘટના સામે આવશે તો તેના જવાબદર માલિકો સામે કાયદાકીય નિયમોનુસારની કાર્યવાહી થઈ શકે છે

મહિસાગર,

બાળકો એ દેશની તાકાત છે. બાળકોના અધિકારોનું રક્ષણ કરી બાળકો માટે એક બાળ સુરક્ષીત સમાજનું નિર્માણ કરવું, બાળકોના વર્તમાનને ઓળખવું અને તેઓ માટે એક સુંદર ભવિષ્યનું નિર્માણ કરવું એ આપણા સૌની પ્રાથમિક ફરજ બને છે.

પરંતુ ક્યારેક ક્યારેક સામાજીક નિષ્કાળજી બેદરકારીના કારણે ક્યારેય ન વિચારેલી વિવિધ ઘટનાઓ બાળકો સાથે બનતી હોય છે. જે એક આપણા જાગૃત સમાજ માટે ખુબ જ જ નિંદનીય છે. જેમાં હમણાજ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ગાંધીનગરના જણાવ્યા મુજબ રાજયના અલગ–અલગ વિસ્તારમાં ખુલ્લા બોરવેલમાં બાળકો ફસાઈને ગંભીર ઈજા પામવાની અથવા તો મૃત્યુ પામવાની ગંભીર ઘટનાઓ અનેક સામે આવતી હોય છે. ત્યારે તાજેતરમાં આવી એક ઘટના જામનગરના વાડી વિસ્તારમાં બનવા પામેલ હતી. બોરવેલમાં પડી જવાની ઘટનાઓમાં બાળકોને જીવલેણ નુકશાન થાય છે. જે ખુબજ દુઃખ જનક બાબત છે.

જેથી જે પણ જવાબદાર સબંધિતો દ્વારા આવા મહિસાગર જીલ્લામાં બોરવેલ ખુલ્લા રાખવામાં આવેલ હશે અને તેમાં કોઈ બાળક પડી જવાની ઘટના સામે આવશે તો તેના જવાબદર માલિકો સામે કાયદાકીય નિયમોનુસારની કાર્યવાહી થઈ શકે છે. જેથી વર્તમાન સમયમાં આવી બની રહેલી ઘટનાઓ રોકવા માટે લોકોને જાગૃત થવાની આવશ્યકતાઓ છે. બોરવેલને સીલબંધ રાખવી ખુબજ આવશ્યક છે, સાથે સાથે વિવિધ માધ્યમો દ્વારા લોકોમાં જાગૃતતા કેળવાય અને આવી ઘટનાઓ ન બને તે માટે આપણે સૌ સાથે મળીને પ્રયત્નો કરીએ.

## આપની આજ.......

મેષ : આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિધ્ધિઓ પ્રાપ્ત થશે. આવકના નવા સ્રોત સર્જશે, વાણી તમને વિશેષ માન આપશે. હવામાનની આરોગ્ય પર પ્રતિકૂળ અસર થઈ શકે છે એટલા માટે સાવચેત રહો.

વૃષભ : વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂરની મુસાફરી પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે. વિદ્યાર્થીઓને માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મળશે.

મિથુન : બીજાની મદદ કરવાથી તમને સારું લાગશે તેથી આજે તમારો દિવસ પરોપકારીમાં વિતાવશો. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, આને કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે.

કર્ક : આજે તમારી આર્થિક બાજુ મજબૂત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ, ખ્યાતિ વધશે. અટકેલા કામ પુરા થશે. પ્રિયજનો સાથે મળવાનું થશે. વાણી ઉપર સંયમ ન રાખવાથી પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઉત્પન થઈ શકે છે.

સિંહ : પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે તમને બપોર સુધીમાં આનંદકારક સારા સમાચાર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

કન્યા : આજે ઘરની ઉપયોગિતાઓ પર પૈસા ખર્ચ થશે. ગૌણ કર્મચારી અથવા સંબંધીના કારણે તાણ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો પૈસા ફસાઈ શકે છે.

તુલા : પિતાના આશીર્વાદથી અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. વ્યસ્તતા વધુ રહેશે, વ્યર્થ ખર્ચ ટાળો.

વૃશ્ચિક : આજે વેપારના ક્ષેત્રમાં તમને ફાયદો થવામાં આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

ધનુ : આજે મોટી માત્રામાં પૈસાની અચાનક પ્રાપ્તિ આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણય પાછળથી પસ્તાવો લાવી શકે છે.

મકર : આજે શરીરમાં અચાનક દુઃખાવાને લીધે વધુ ખર્ચની સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે મિલકતની તમામ કાનૂની બાબતોની ગંભીરતાપૂર્વક વિચાર કરો.

કુંભ : રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચનશક્તિ અને આંખના વિકારની સંભાવના પણ છે.

મીન : આજે ઉદ્યોગમાં તત્પરતાનો લાભ મળશે. પરિવાર તરફથી કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આજે રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપશો. કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધ પર કાબુ રાખવો. ઘરની સમસ્યાઓનો હલ આવશે.

# દાહોદના અનવરપુરા ગામે યુવક ઉપર હેકસો બ્લેડ વડે હુમલો

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના અનવપુરા ગામે હાઈવે રોડ પર ચાર જેટલા લઘુમતિ કોમના યુવકો દ્વારા એક યુવકને ગડદાપાટ્ટુનો માર મારી હાથના ભાગે તીક્ષ્ણધારવાળી આરી (હેક્સો બ્લેડ) હાથના ભાગે મારતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી હતી. ત્યારે આ બનાવ બાદ સામાપક્ષેથી ઈજાગ્રસ્ત યુવકના પરિવારજનો તથા તેના સાથી મિત્રો દ્વારા અનવરપુરા હાઈવે રોડ પર આવેલ હોટલ પર ૧૫થી વધુ ઈસમોના મારક હથિયાર સાથે ધસી આવેલ ટોળાએ હોટલમાં તોડફોડ કરી એક્ટીવા ગાડીને પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ મામલે પોલીસમાં સામાપક્ષેથી ફરિયાદ નોંધાંવા પામી છે.

ગતરોજ ઝાલોદ તાલુકાના મુવાડા ગામે ભોજા ફળિયામાં રહેતાં સુનીલભાઈ કલસીંગભાઈ વસૈયા રાજસ્થાનના મોનાડુંગર ખાતેથી પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ઝાલોદ ખાતે આવી રહ્યાં હતા. તે સમયે રસ્તામાં ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે હાઈવે પર પાછળથી એક છોટા હાથી મરઘા ભરવાના રેકડામાં સવાર શાહરૂખ રસીદ મતાદાર (રહે. વ્હોરા કંમ્પાઉન્ડ, તા. ઝાલોદ, જી.દાહોદ) અને અલ્તમસ આરીફ મતાદાર (રહે. ગુલીસ્તાન સોસાયટી, તા.ઝાલોદ, જી.દાહોદ), ફેઝ ઉર્ફે આકાશ રસીદ મતાદાર (રહે. વ્હોરા કંમ્પાઉન્ડ, તા. ઝાલોદ, જી.દાહોદ) અને અન્ય એક ઈસમને મોબાઈલ ફોન કરી બોલાવતાં બંન્ને ઈસમો પણ ત્યાં આવી પહોંચ્યાં હતાં અને ઉપરોક્ત ચારેય ઈસમોએ સુનીલભાઈને કહેવા લાગેલ કે, ઝાલોદના દાદા થઈ ગયા છો, તેમ કહી જાતિ અપમાનીત કર્યા હતા અને એકદમ ઉશ્કેરાઈ જઈ સુનીલભાઈને ગડદાપાટ્ટુનો માર મારી એકે પોતાની સાથે લાવેલ તીક્ષ્ણધારવાળી આરી (હેક્સો બ્લેડ)થી સુનીલભાઈના હાથે ઈજા પહોંચાડી લોહીલુહાણ કરી દેતાં સુનિલભાઈને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે ઈજાગ્રસ્ત સુનિલભાઈ કલસીંગભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી ઉપરોક્ત ચારેય ઈસમોની અટકાયત કરી આગળની કાયદેસની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરોક્ત ઘટના બાદ સામાપક્ષેથી શઓકતશાહ કુતુબશાહ દિવાન (રહે. ઝાલોદ, તળાવ ફળિયું, ખોડીયાર માતાના મંદિર પાસે, તા. ઝાલોદ, જી.દાહોદ) નાએ ઝાલોદ પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ઝાલોદમાં મુવાડા ખાતે રહેતાં વિશાલભાઈ ભરતભાઈ મહિડા, પર્વતભાઈ મગનભાઈ હઠીલા, અંકિતભાઈ ગવજીભાઈ હઠીલા, રાજુભાઈ નટુભાઈ વસૈયા, અમિતભાઈ રાકેશભાઈ વસૈયા, વિશાલભાઈ મુકેશભાઈ મેડા, પોપટ વરસીંગભાઈ વસૈયા તથા તેમની સાથે બીજા અન્ય ૧૦થી ૧૫ ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી શોકતશાહ કુતુબશાહ દિવાનની અનવપુરા ગામે હાઈવે રોડ પર આવેલ હોટલ પર આ ટોળુ મારક હથિયારો સાથે આવ્યું હતું અને ઉપરોક્ત ઝઘડાની અદાવત રાખી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારા મુવાડાના વસૈયાઓને મારવાવાળા તમે કોણ, તેમ કહી એક્ટીવા ગાડીની તોડફોડ કરી, હોટલની અંદરના સરસામાન ફ્રીજ, મીક્સર મશીન, ખુરશીઓ, ટીપોઈ, લોખંડના ટેબલ, પાણીની ટાંકી, હોટલનો સરસામાન તેમજ બીજા સરસામાનની તોડફોડ કરી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપી ઉપરોક્ત ટોળુ નાસી ગયું હતું. આ સંબંધે પોલીસે બંન્ને પક્ષોની ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ બીજેપી દ્વારા વિશેષ જનસંપર્ક અભિયાન અંતર્ગત એક વિશાળ લાભાર્થી સંમેલન દેવગઢ બારીયા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ઉપર યોજાયું



દાહોદ,
૩૦ મે,૨૦૨૩ના રોજ દેશના યશસ્વી વડાપ્રધાને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકાર અને ૯ વર્ષ પુર્ણ થયા હતા. આ પ્રસંગે ૩૦ મે થી ૩૦ જુન ૨૦૨૩ સુધી ભાજપ સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમ તમામ જીલ્લા, મંડળ, શકિતકેન્દ્ર અને બુથ ઉપર આયોજીત કરવામાં આવી રહ્યા છે તથા વિશેષ જનસંપર્ક અભિયાન લોકસભા ક્ષેત્રોમાં યોજવામાં આવી રહ્યા છે જેના ભાગ રૂપે આજે ૧૩૪ દેવગઢ બારિયા વિધાનસભાનું વિશાળ લાભાર્થી સંમેલન દેવગઢ બારીયા શહેરમાં આવેલ સ્વ.જયદીપસિંહ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ઉપર યોજાયું હતું.

આ પ્રસંગે દાહોદ જીલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર એ મોદી સરકારના નવ વર્ષની ઉપલબ્ધિઓ જણાવતા કહ્યું હતું કે, આપડા દેશના વડા પ્રધાન અને વિકાસ પુરૂષ નરેન્દ્ર મોદી દ્વારા દેશની વર્ષોથી લંબિત હોય તેવી કાશ્મીરની સમસ્યા ૩૭૦મી કલમ દૂર કરી, રામ મંદિર નિર્માણનું કરી શરૂ કરવી દીધું, દેશને નવી ઐતિહાસિક નવું સાંસદ ભવન ની ભેટ આપી, દાહોદના રેલવે લોકોમોટીવ વર્કશોપમાં ૨૬હજાર કરોડના ખર્ચે ૯૦૦૦ ઇંઙ લોકો એન્જિન માટે ફાળવી દેવાયા છે જેનું યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર ગરીબ,શોષિત અને વંચિતોના કલ્યાણ માટે સમર્પિત છે.

આ પ્રસંગે રાજય પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઇ ખાબડ એ જણાવ્યું હતું કે, દાહોદ જીલ્લાને કડાણાનું પાણી હોય કે હફેશ્વરનું પાણી હોય મોદી સરકાર, આપડા સાંસદ જસવંતસિંહ ભાભોર અને ગુજરાતના મુખ્યમંત્રીની મદદ થી કરોડો રૂપિયાની યોજનાઓ મળી છે તદુપરાંત અનેક ઈન્ફ્રા સ્ટ્રકચરના કામો થયા છે અને તદુપરાંત પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ, માં કાર્ડ, વૃદ્ધ પેન્શન, વિધવા સહાય, ફ્રી રાશન, ગરીબ કલ્યાણ યોજનાઓ, વેકસીન, વગેરે યોજનાઓના લાભાર્થીઓનું સંમેલન યોજાયું હતું. જેમાં દેવગઢ બારીયા તાલુકાના તમામ મોરચાના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જીલ્લાના ખેડુતો સાથે સરકારે અન્યાય કર્યાના આક્ષેપ રેલી કાઢી આવેદન આપી વિરોધ કર્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જીલ્લાના ખેડુતો સાથે સરકારે અન્યાય કર્યા હોવાના આક્ષેપો સાથે આજરોજ દાહોદ જીલ્લામાં ખેડુતોએ રેલી કાઢી દાહોદ જીલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યાં હતાં અને જ્યાં ખેડુતઓએ જીલ્લાના નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી સરકારની નિતી રિતીનો ભારે વિરોધ કર્યો હતો.

દાહોદ જીલ્લાના ૨૧ હજાર ખેડૂતોએ જંગળની જમીન મેળવવાના દાવાઓ કરવામાં આવ્યા હતા અને એમાંથી ૫ હજાર જેટલા દાવાપત્રો આપવામાં આવ્યા છે અને ૧૫ હજારથી વધુના દાવાઓના મંજુર છે, પેન્ડિગ છે અને ૨૪ ટકા જેટલા દાવાઓ મંજુર કરીને ગણ્યા ગાંઠ્યાં જેટલી ધૂંઠામાં જમીન અપાઈ છે. તેને લઈને ૨ હજારથી વધુ ખેડૂતોએ ભેગા મળી કલેક્ટર કચેરી બહાર જંગળની જમીનના અધિકારને લઈને ભારે વિરોધ દર્શાવ્યો હતો અને તે બાદ જીલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપવા માટે ગયા હતા. જ્યાં નાયબ કલેક્ટર એ. બી. પાંડોરને આવેદન તારીખ ૨૨ મી જૂનના રોજ આપી રજૂઆતો કરી હતી અને તે બાદ નાયબ કલેકટર દ્વારા તેમને આશ્વાસન આપવામાં આવ્યો હતું. ખેડુતોએ પોતાના હક્કો માટે મોટી સંખ્યામાં ખેડુતો હાજર રહ્યાં હતાં. ખેડુતોએ રેલી કાઢી હતી અને કલેકટર કચેરીએ પહોંચ્યાં હતાં. દાહોદ જીલ્લામાં જળ, જંગલ અને જમીનની માંગોને લઈ ખેડુતોએ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. ખેડુતોના હક્ક માટે સરકારે કોઈ કાર્યવાહી કરી ન હોવાના આક્ષેપો ખેડુતો દ્વારા કરવામાં આવ્યાં હતાં. સરકારે કરેલા વાયદાઓ પુર્ણ ન કર્યા હોવાના આક્ષેપો પણ દાહોદ જીલ્લાના ખેડુતોએ કર્યા હતાં. વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ જમીન આપવાની ખેડુતોએ માંગ કરી હતી.

## ફતેપુરા તાલુકાના કાળીયા ખાતે ગોંદરા ફળિયામાં આવેલ એગ્રીકલ્ચર વીજ લાઈનની બળી ગયેલ વિજ ડી.પી. બદલવા પ્રત્યે તંત્ર ઉદાસીન


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

અમોએ કાળીયાના ડુંગર ફળિયા ખાતે આવેલ અમારા કુવા ઉપર વર્ષોથી એગ્રીકલ્ચર વીજ લાઈન લીધેલી છે.અને અમો નિયમિત વીજબિલ પણ ભરપાઈ કરીએ છીએ.પરંતુ ગત એક વર્ષથી અમોને વીજ કનેક્શન આપવામાં આવતી વીજ ડી.પી ગોંદરા ફળિયા ખાતે આવેલ જે વીજ ડી.પી બળી ગયેલ છે.જેની અમો એક વર્ષથી ફતેપુરા એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે લેખિત અને મૌખિક રજૂઆતો કરી થાકી ચૂક્યા છીએ.પરંતુ વીજ ડી.પી આવશે ત્યારે ફીટ કરી આપીશુંના જવાબો આપી અમોને ધરમ ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે.અમોને તાત્કાલિક નવીન વીજ ડી.પી ફીટ કરી વીજ પ્રવાહ ચાલુ કરી આપવામાં આવે તેવી અમારી ખાસ માંગણી છે.

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં એમ.જી.વી.સી.એલ તંત્રનો વહીવટ દિન-પ્રતિદિન કથળી રહ્યો છે. તેમજ ગ્રાહકો દ્વારા વીજ પ્રવાહમાં સર્જાતી ખામી બાબતે ફતેપુરા કચેરીમાં અનેકવાર મહિનાઓ સુધી રજૂઆતો કરવા છતાં આંખ આડા કાન કરવામાં આવતા હોવાની અવારનવાર ફરિયાદો ઉઠતી રહે છે. જેમાં એ ખાસ કરીને ખેડૂતોએ પોતાના કુવા ઉપર એગ્રીકલ્ચર વીજ જોડાણ મેળવેલ હોય અને વીજ પ્રવાહમાં કોઈ ખામી સર્જાય કે વીજ ડી.પી. બળી જાય ત્યારે તેની રજૂઆત ફતેપુરા એમ.જી.વી.સી.એલ.માં કરતા હોય છે. છતાં વીજ ગ્રાહકોની રજૂઆતો પ્રત્યે તંત્ર દ્વારા સમયસર ધ્યાન નહીં આપતા ખેડૂતોને પોતાના ખેતી પાકો જતા કરવા પડતા હોય છે. તેવી જ રીતે તાલુકાના કાળીયા-લખનપુર ગોંદરા ફળિયામાં છેલ્લા એક વર્ષથી વીજ ડી.પી બળી જતાં તેની અનેક વાર મૌખિક-લેખિત રજૂઆતો કરવા છતાં ધ્યાન આપવામાં આવતું નહીં હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના કાળીયા ગામે ગોંદરા ફળિયામાં એગ્રીકલ્ચર વીજ લાઈનની વીજ ડી.પી બેસાડવામાં આવેલ છે અને આ વીજ ડી.પી. માંથી કુવા ઉપર વીજ જોડાણ આપેલ છે અને ખેડૂતો દ્વારા સમયસર વીજબીલ પણ ભરપાઈ કરવામાં આવી રહ્યું છે. પરંતુ આ વીજ ડી.પી. છેલ્લા એક વર્ષથી બળી જતાં કુવા ઉપર જતો વીજ પ્રવાહ બંધ થઈ ગયેલ છે. જે બાબતે ફતેપુરા એમ.જી.વી.સી.એલ. કચેરીમાં અનેકવારની રજૂઆતો કરવા છતાં ડી.પી આવશે ત્યારે બેસાડી આપીશું ના તંત્રના જવાબદારો દ્વારા જવાબો આપવામાં આવી રહ્યા છે. જ્યારે આ વીજ કનેક્શન લેનાર ખેડૂત ગત રવિ સિઝનના પાકો લઈ શક્યા નથી.અને જે બાબતે પણ ફતેપુરા એમ.જી.વી.સી.એલ તંત્રને લેખિત અને મૌખિક રીતે વાકેફ કરવામાં આવેલ હોવા છતાં આજદિન સુધી નવીન વીજ ડી.પી બેસાડવામાં આવેલ નથી. જોકે, હાલ ચોમાસું સીઝન આવી રહી છે અને વરસાદી પાણીનો અભાવ પડતાં વીજ પ્રવાહથી ઈલેક્ટ્રીક મોટરો દ્વારા ખેતીમાં પાણી આપવું પડતું હોય છે. ત્યારે વીજ પ્રવાહના લીધે ખેડૂતોની ખેતી નિષ્ફળ જાય નહીં તે પ્રત્યે ફતેપુરા એમ.જી.વી.સી.એલ. તંત્ર તાત્કાલિક ધ્યાન આપે તેવી પણ ખેડૂતોની માંગ ઉઠવા પામેલ છે.

## ગરબાડાના નવાફલિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રકતદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



ગરબાડા,
ગરબાડા તાલુકાના નવાફળિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રક્તદાન શિબિર કાર્યક્રમ સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેમજ તાલુકા હેલ્થ ઓફિસના સંયુક્તિ કરવામાં આવ્યું તું આ કાર્યક્રમનું ઉદઘાટન ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર તેમજ તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ અર્જુન ગણાવા હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા હેલ્થ ઓફિસર એ.આર. ડાભી ડોક્ટર સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર આર.કે. મહેતા તેમજ રીટાબેન શર્માની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય કર્મચારીએ મોટા પ્રમાણમાં રક્તદાન કર્યું હતું. જેમાં સામુહિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર આર.કે.મહેતા દ્વારા ૧૪ મી વાર રકતદાન કરીને રકતદાન એ મહાદાનની પ્રેરણા આપી હતી. સાથે સાથે તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર એ.આર.ડાભી એમ.પી.એચ.ડબલ્યુ. સામે સામૂહિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ તેમજ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના અને સમાજસેવકો દ્વારા પણ રક્તદાન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૦ યુનિટ બ્લડ એકત્રિત થયું હતું.

## ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરે ગરબાડાનાં નવાફલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
ગરબાડા ૧૩૩ વિધાનસભાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોરે ગરબાડાના નવા ફળિયા ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત કરી હતી અને આરોગ્યને લગતી સમસ્યાના નિકાલ માટે ડોક્ટર આર કે મહેતા સાથે વાર્તાલાપ કર્યો હતો અને સાથે સાથે સામૂહિક આરોગ્યના જુદા જુદા વિભાગની મુલાકાત પણ લીધી હતી. નવાફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એક દિવસમાં ૨૦૦ થી ૩૦૦ જેટલી ઓ.પી. ડી. થાય છે, તેમજ અહીંયા એક મહિનામાં સરેરાશ ૨૦૦ થી ૨૫૦ વધુ મહિલાઓ અને સફળ પ્રસુતિ તેમજ એક મહિનામાં ૨૦૦થી ૩૦૦ જેટલી મહિલાઓ તપાસ કરવામાં આવે છે. અગાઉ પણ ૨૪ કલાક માં ૧૭ સફળ પ્રસૂતિ કરાવીને એક ઉત્તમ ઉદાહરણ પણ સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબો દ્વારા પૂરૂં પાડવામાં આવ્યું છે. આ સમયે કેન્દ્રમાં દર રોજ ૧ ડાયાલિસિસ પણ કરવામાં આવતું હોય છે.

## ઓટોમોબાઈલ ક્ષેત્રે બદલતી જતી ટેકનોલોજી માટે સ્કીલમેન પાવર તૈયાર કરવા માટે મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા કટીબધ્ધ



દાહોદ,
મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ને સી.એસ.આર અંતર્ગત ડોનેટ કરેલ વાહન MG HECTOR HYBRID મોટર કારની હેન્ડ ઓવરની સેરેમની મહિલા આઈ.ટી.આઈ. દાહોદ ખાતે રાખવામાં આવી હતી. જેમાં સંસ્થાના આચાર્ય પી.જે. મસીહ તેમજ તમામ કર્મચારી તથા નોડલ અધિકારી અને આચાર્ય આઈ.એમ.સી. ચેરમેન સરકારી પોલિટેકનિકના આચાર્ય વગેરે ઉપસ્થિત રહી એમ.જી.મોટર્સ ઈન્ડિયા લિમિટેડ તરફથી એમ.જી. નયુચર પ્રોગ્રામના ડાયરેક્ટર તેમના સ્ટાફ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા આઈ. ટી.આઈ ડોનેટ કરવામાં આવેલ વાહનનો નવી ઈવી ટેકનોલોજી ના ટેકનીશીયન તૈયાર કરવાના વ્યવસાયો ચલાવી મહતમ લાભથીનીઓ તૈયાર થાય અને મહતમ રોજગારી (સ્વરોજગારી મેળવી શકે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓટોમોબાઈલ ક્ષેત્રે બદલતી જતી ટેકનોલોજી માટે સ્કીલમેન પાવર તૈયાર કરવામાં માટે મહિલા આઈ.ટી.આઈ કટીબધ્ધ છે.

આ અવસરે મહિલા આઈ.ટી.આઈ.ના આચાર્ય પી.જે.મસીહ સહિત આચાર્ય ઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના ધામરડા વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર ટ્રેનની અડફેટ આવેલ ૨૧ વર્ષીય યુવકનું મોત

દાહોદ,
દાહોદ તાલુકાના ધામરડા વચ્ચે આવેલ રેલ્વે ટ્રેક પર એક ટ્રેનની અડફેટે એક ૨૧ વર્ષીય યુવક આવી જતાં યુવકનું ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળ પરજ મોત નીપજ્યાંનું જાણવા મળે છે. વહેલી સવારના સમયે દાહોદ તાલુકાના ધામરડા ગામેથી પસાર થતાં રેલ્વે ટ્રેક પરથી એક ટ્રેનની અડફેટે દાહોદ જીલ્લામાં રહેતાં ૨૧ વર્ષીય બારીઆ ગામીત સવસીંગભાઈ ચાલુ ટ્રેનની અડફેટે આવી જતાં ગામીતભાઈને માથાના ભાગે, શરીરે હાથે પગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ રેલ્વે પોલીસને થતાં રેલ્વે પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતક યુવકના મૃતદેહનો રેલ્વે પોલીસે કબજો લઈ નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર લોક્ટોળા ઉમટી પડ્યાં હતા. ત્યારે મૃતક યુવકના પરિવારજનોને જાણ થતાં પરિવારજનો પણ ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને મૃતક યુવકના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે રેલ્વે પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે ઈનોવેશન કલબ અંતર્ગત પ્રબોધ લેવલની ૪ દિવસીય તાલીમનું આયોજન તા.૧૯/૦૬/૨૦૨૩ થી ૨૨/૦૬/૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઈનોવેશન કલબ ના કો-ઓર્ડીનેટર ડો. દિગ્વિજયસિંહ રાણા તથા SSIP કો-ઓર્ડીનેટર રાહુલ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.258

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના ખજુરીયા ગામે જમીનની હદ મામલે બંદુક માંથી બે રાઉન્ડ ફાયરીંગ કરનાર ઈસમની અટકાયત કરતી પોલીસ

ગોધરા,

ગોધરા તાલુકાના ખજુરી ગામે જમીનની હદ મામલે ઘર્ષણ થતાં ઈસમે લાયસન્સવાળી બંદુક માંથી બે રાઉન્ડ ફાયરીંગ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી ફાયરીંગ કરનાર ઈસમને ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ખજુરી ગામે જમીનની હદ માટે બોલાચાલી થઈ હતી. દરમિયાન વાત વણસતા સિકંદર નામના વ્યકિત દ્વારા પોતાની લાયસન્સ વાળી બંદુક માંથી બે રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવ્યું હતું. જમીન મામલે ખજુરી ગામે થયેલ બોલાચાલીમાં ફાયરીંગયની ઘટનાની જાણ થતાં ગોધરા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને સિકંદરની અટકાયત કરી બંદુક કબ્જે આ બાબતે પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.





## કાલોલના ખરસાલીયાની એસ. સુબ્રમણીયમ કાું. ૨૦૨૩માં

# છટણી કરેલ કામદારોને પરત લેવા અને અત્યાર સુધીનો પગાર ચુકવવાની માંગ સાથે ગુજરાત કામદાર યુનિયન દ્વારા રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના ખરસાલીયા રેલ્વે સ્ટેશન બાજુમાં આવેલ એસ.સુબ્રમણીયમ એન્ડ કાું. કાયમી કામદારોને ૨૩ માર્ચ ૨૦૨૩ના પત્રથી ૨૮ માર્ચ ૨૦૨૩ના રોજ યોગ્ય કાર્યવાહી વગર છટણી કરાઈ હતી. આ છટણીનો હુકમ રદ કરી કામદારોને નિયત પાખીમાં હાજર કરવાની માંગ સાથે ગુજરાત કામદાર યુનિયન દ્વારા મદદનિશ શ્રમ આયુકત કચેરીમાં રજુઆત કરાઈ.

કાલોલના ખરસાલીયા રેલ્વે સ્ટેશન પાસે આવેલ સ્વીપર બનાવતી એસ.સુબ્રમણીયમ એન્ડ કાું.માં ફરજ બજાવતા કાયમી કામદારોને તા.૨૩/૦૩/૨૦૨૩ના પત્રથી ૨૮ માર્ચ ૨૦૨૩ના રોજ કોઈ પણ જાતની કાયદેસર યોગ્ય કાર્યવાહી કર્યા વગર એકાએક કામદારોની છટણી કરવાનું પગલું ભરવામાં આવ્યું હતું. આ કામદારોની છટણીનો હુકમ રદ કરી પત્ર પરત લઈ તાત્કાલીક અસરથી કામદારોને હાજર કરી નિયત પાખીમાં કામ આપવું એસ.સુબ્રમણીયમ એન્ડ કાું.માં કામ કરતા કામદારોને હાજર કરી કામ આપવામાં ન આવે તો દિવસનો પુરેપુરો પગાર આનુસીંગ લાભો ચુકવી આપવાની માંગ સાથે ગુજરાત કામદાર યુનિયન દ્વારા એસ.સુબ્રમણીયમ એન્ડ કાું.ના મેનેજર અને મદદનિશ શ્રમ આયુકતને લેખિત રજુઆત કરી આવનાર દિવસોમાં સંસ્થા દ્વારા કામદારોની છટણીનો હુકમ રદ ન કરે તો આવનાર દિવસોમાં કાનુની કાર્યવાહી કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# ગોધરા તાલુકાના ગામોમાં થનાર ૩ કરોડના વિકાસના કામોના વર્ક ઓર્ડર માટે કાર્યક્રમ યોજ્યો



ગોધરા,

ગોધરા તાલુકાના ગામોમાં ૩ કરોડના ખર્ચ થનાર ૨૬૦ વિકાસના કામોના વર્કઓર્ડર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

ગોધરા તાલુકાના ગામોમાં ૩ કરોડના ખર્ચ ૨૬૦ જેટલા વિકાસના કામો થનાર છે. આ વિકાસના કામોના વર્ક ઓર્ડર માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિકાસના કામોના વર્ક ઓર્ડર માટે યોજાયેલ કાર્યક્રમમાં ગોધરા ધારાસભ્ય, મોરવા(હ) ધારાસભ્ય, જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અને જીલ્લા આયોજન અધિકારીની હાજરીમાં યોજયો હતો. જેમાં ગોધરા તાલુકાના તમામ સરપંચો અને તલાટીઓ વર્ક ઓર્ડર આપવામાં આવ્યા.

# રાજગઢ વનવિભાગે હિંસક કપિરાજને પાંજરે પૂર્યા છટકામાં આવેલો વાનર હુમલાખોર છે કે બીજો તેની મુંજવણ



ઘોઘંબા,

ઘોઘંબા નગરમાં છેલ્લા ચાર દિવસથી એક કપિરાજે આતંક મચાવ્યો હતો.જેમાં એક મહિલા, બાળક, એક યુવાનને ઘાયલ કર્યા હતા. જેની જાણ રાજગઢ વનવિભાગને કરવામાં આવતા વનવિભાગ દ્વરા વાંદરાને પકડવા માટે ઘોઘંબા નિશાળ ફાડ્યાના વિસ્તારોમાં પાંજરૂ મુકવામાં આવ્યું હતું. જેમાં ફળ ફળાદી મુકતા આજરોજ ખોરાકની લાલચ માં આવેલો કપિરાજ પાંજરામાં પુરાયો હતો. પાંજરે પુરાયેલા કપિરાજને જોઈ લોકોએ હાસ્કારો અનુભવ્યો હતો. કપિરાજને જોવા માટે લોકટોળા ઉમટી પડ્યા હતા. જોકે, પાંજરે પુરાયેલ કપિરાજ લોકો ઉપર હુમલો કરનાર હિંસક છે કે કેમ તેની મુંજવણ માં તંત્ર મુકાયું હતું. આ વાનરોને પકડવા માટે હાલોલથી ખાસ ટીમ આવી હતી. તેમણે એક વાનરને પકડી પાડી બીજા વાનરને પકડવાની કામગીરી તેજ કરી હતી.

# પંચમહાલ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

ગોધરા,

ગોધરા જીલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં દર મહિને યોજાતો સ્વાગત કાર્યક્રમ જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને આજે તા.૨૨મી જૂન, ૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. ૧૦ જેટલા અરજદારોએ જીલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને નિકાલની સુનાવણીમાં ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યક્રમમાં મુખ્ય રજુઆતમાં જીલ્લાના નાગરિકો દ્વારા મુખ્યત્વે જમીન માપણી અને તકરાર, અનઅધિકૃત બાંધકામ, ફરિયાદને લગતા પ્રશ્નો, વીજળી અને પાણીને લગતા પ્રશ્નો સહિતના પ્રશ્નોની લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જીલ્લા કલેક્ટરએ અરજદારોની ફરિયાદો અને રજૂઆતોને શાંતિથી સાંભળી હતી અને તેમના પ્રશ્નોનો ઝડપી નિકાલ આવે તે અંગે સંલગ્ન વિભાગના અધિકારીઓને સ્થળ પર તાકિત કરી જરૂરી સૂચનાઓ આપી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.આ સાથે તેમણે સબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી કે પ્રશ્નનો નિકાલ કર્યે, એક અઠવાડિયામાં નિરાકરણ રિપોર્ટ જમા કરાવવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીયા, નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા, મામલતદારઓ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ટીંબા ગામે મહીસાગર નદીમાં માનતા પુરી કરવા ન્હાવા પડેલ ત્રણેય યુવકો ડૂબયા : બે નો બચાવ-એક મોતને ભેટ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબા પાસે પસાર થતી મહીસાગર નદીમાં ત્રણ યુવકો ડૂબ્યા હતા. યુવકો પંચમહાલ જિલ્લાના હાલોલ અને ઘોઘંબા તાલુકાના હતા. જેઓ બાધા માનતા પૂરી કરવા માટે મહીસાગર નદીએ ગયા હતા. જ્યાં તેઓ નદીમાં નાહવા પડયા હતા અને ત્રણેય યુવાનો નદીના પાણીમાં ડૂબ્યા હતા. જે પૈકી એક યુવકનું પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું છે. જ્યારે અન્ય બે યુવકોનો આબાદ બચાવ થયો છે. બચી ગયેલા બંને યુવકો હાલ સારવાર



હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.હાલોલ અને ઘોઘંબા તાલુકાના યુવકો પરિવાર સાથે મહીસાગર નદીની બાધા માનતા કરવા માટે ગોધરા તાલુકાના ટીંબા પાસે પહોંચ્યા હતા. જ્યાં મહીસાગર નદીમાં નાહવા પડેલા ત્રણ યુવકો પૈકી એક યુવકનું પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું છે. હાલોલ તાલુકાના અભેટવા ગામના ૨૦ વર્ષીય સુરેશ વિક્રમભાઈનું પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું છે અને અન્ય બે યુવકો ૧૫ વર્ષનો રાજુ વિજયભાઈ અને ૧૭ વર્ષનો પૃથ્વી સંજયભાઈ બચી જતા તેઓને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે.ત્રણ યુવકો ડૂબતા સ્થાનિક તરવૈયાઓ એ યુવાનોને બચાવવા નદીમાં કૂદ્યા હતા. તરવૈયાઓ એ બે યુવકોને બચાવીને બહાર કાઢ્યા હતા. જ્યારે અન્ય એક યુવકનો મૃતદેહ હાથ લાગ્યો હતો. બચી ગયેલા બે યુવકોને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા છે. જ્યાં બંનેની સ્થિતિ અને નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

# ગોધરાના ભુરાવાવ ગણેશ નગર થી દશામા મંદિરને જોડતો ૧૦ વર્ષથી બંધ રસ્તો પૂર્વવત કરવા ધારાસભ્યને સાથે રાખી કલેકટરને રજુઆત કરતાં સ્થાનિકો

ગોધરા,

ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં આવેલ ગણેશ નગર થી દશામા મંદિર સુધીનો મુખ્ય માર્ગ ઉપર તંત્રની અણઆવડતને લઈ ૧૦ વર્ષથી બંધ છે. રસ્તો બંધ રહેતા ૨૫ સોસાયટી રહિશો અને બાળકો અવરજવરમાં ભારે હાલાકી વેઠવી પડતી આ બાબતે રહિશો દ્વારા ધારાસભ્ય સાથે રાખી જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં આવેલ ગણેશ નગર થી દશામા મંદિર સુધીનો મુખ્ય માર્ગ હતો. આ મુખ્ય માર્ગ તંત્રની અણઆવડતને



લીધે ૧૦ વર્ષથી બંધ થયો છે. ગોધરા પાલિકા દ્વારા રસ્તાની જગ્યામાં પ્લોટ બનાવી તેની ઉપર બાંધકામ મંજુરી આપતા રસ્તો બંધ થયો છે. ગણેશનગર થી દશામા મંદિર સુધી જોડતા માર્ગ બંધ થતા આ વિસ્તારમાં આવેલ ૨૫ સોસાયટીના ૨૦ હજાર થી વધુ રહિશો અને શાળાના બાળકોને અવરજવરમાં ભારે હાલાકી વેઠવી પડી રહી છે. સ્થાનિકો દ્વારા રસ્તો પુનઃ શરૂ કરવા માટે ૧૦ વર્ષથી સ્થાનિકકક્ષાએ, તાલુકા અને રાજય સ્વાગતમાં રજુઆતો કરવા છતાં પરિણામ મળ્યું ન હોય આ સમગ્ર મામલે સ્થાનિક રહિશોએ ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજીને સાથે રાખી પંચમહાલ જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી ધારાસભ્ય દ્વારા બંધ રસ્તા માટે નિયમોનુસાર કાર્યવાહી કરી રસ્તો પૂર્વવત કરવા જણાવ્યું.

# મીઠાપુર ગ્રામ પંચાયત કચેરી ખાતે કોમ્પ્યુટર સહિતની અન્ય ચીજ વસ્તુઓની ચોરી થતા પોલીસને કરાઈ જાણ

શહેરા,

શહેરા તાલુકાના મીઠાપુર ગ્રામ પંચાયતમાં તસ્કરોએ નિશાન બનાવીને કોમ્પ્યુટર સહિત અન્ય ચીજ વસ્તુની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. ગ્રામ પંચાયતના સરપંચ વર્ષાબેન સંજયસિંહ સોલંકી એ બનેલા બનાવવાની જાણ પોલીસને કરતા પોલીસે ગ્રામ પંચાયત કચેરી ખાતે આવીને જરૂરી તપાસ હાથધરી હતી.

શહેરા તાલુકામાં ઘરફોડ ચોરી, વાહન ચોરીનાં બનાવો બનતા હોય પણ હવે તસ્કરો ગ્રામ પંચાયત કચેરીને પણ નિશાન બનાવી રહ્યા છે. તાલુકાના મીઠાપુર ગ્રામ પંચાયત કચેરી ખાતે બુધવારની રાત્રીએ અજાણ્યા તસ્કરોએ દરવાજો તોડીને રૂમની અંદર રહેલ કોમ્પ્યુટર સહિતની અન્ય ચીજ વસ્તુઓની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સવારના સમયે ગ્રામ પંચાયતના સરપંચ વર્ષાબેન





તસ્વીર : તુષાર દરજી, શહેરા

સોલંકીને ગ્રામ પંચાયત કચેરી ખાતે ચોરી થઈ હોવાની જાણ થતા તેઓએ ગ્રામ પંચાયતના તલાટી શૈલેષ બામણીયા અને પોલીસને જાણ કરી હતી. પોલીસ ગ્રામ પંચાયત કચેરી ખાતે આવી પહોંચીને જરૂરી તપાસ હાથધરી હતી. જ્યારે તલાટી કમ મંત્રી શૈલેષ બામણીયા ગ્રામ પંચાયત કચેરી ખાતે આવી જઈને તેઓએ જોતા કોમ્પ્યુટર સહિતની અન્ય ચીજ વસ્તુઓની ચોરી થઈ હોવાથી તેઓ અને જાગૃત ગ્રામજન સંજયસિંહ સોલંકી અને ગ્રામ પંચાયતના સરપંચ વર્ષાબેન સહિતનાઓ પોલીસ મથક ખાતે પહોંચી ગયા હતા. અજાણ્યા તસ્કરો સામે કાર્યવાહી થાય તે માટે ગ્રામ પંચાયતના સરપંચ વર્ષાબેન સોલંકી એ પોલીસ મથક ખાતે અરજી આપી હતી. સરપંચ ના જણાવ્યા અનુસાર ગ્રામ પંચાયત કચેરી ખાતે કોમ્પ્યુટર સહિત અન્ય ચીજ વસ્તુ મળીને અંદાજીત રૂપિયા દોઢ લાખની ચોરી થઈ હતી.ગ્રામ પંચાયત કચેરી ખાતે કોમ્પ્યુટર ની ચોરી થતા આવક ના દાખલા, આકારણી સહિત અન્ય કામો જે કોમ્પ્યુટર ઉપર થતા અટકી જવા સાથે મહત્વના રેકોર્ડ પણ હોવાથી પોલીસ તંત્ર અજાણ્યા તસ્કરોને વહેલી તકે પકડી પાડે એવી આશા ગ્રામજનો રાખી રહયા છે. ગ્રામ પંચાયત કચેરી ની નજીકમાં રહેણાંક વિસ્તાર ન હોવા સાથે રાત્રિના સમયે કોઈ લોકોની અવરજવર અહીં ઓછી હોવાથી એના કારણે તસ્કરોએ ગ્રામ પંચાયત કચેરી ખાતે ચોરી કરી હોવાનું સ્થાનિક લોકોમાં ચર્ચાઈ રહયુ હતુ.

# કોકોપીટના ઉપયોગથી પાવાગઢ ડુંગર વૃક્ષોથી લીલોછમ બન્યો : નારિયેળથી થતી ગંદકી અટકી : મા કાલિકાનું મંદિર વધુ સ્વચ્છ બન્યું

ગોધરા,

આપણાં દેશમાં અસંખ્ય મંદિરો આવેલા છે. જેમાં લાખોની સંખ્યામાં ભક્તો દર્શન કરવા જાય છે. શાસ્ત્રમાં એવું કહેવાયું છે કે, દેવ અને ગુરૂ પાસે ખાલી હાથે ના જવાય. ફળ વગર કોઈ વ્યક્તિ દેવ કે દેવી પાસે જતી હોતી નથી. ફળ એટલે કે નારિયેળ દરેક મંદિરમાં વપરાતું ફળ છે. નારિયેળ વગર કોઈ દેવ કે દેવીની પૂજા શકય નથી. એક ફળ માત્ર ચઢાવવાથી કે વધેરવાથી દેવ દેવી પ્રસન્ન થઈ જાય, એવી શ્રદ્ધા અને માન્યતા વર્ષોથી ચાલી આવે છે.



ગુજરાતમાં અને કમોટાં મંદિરો આવેલા છે. જેવા કે, અંબાજી, પાવાગઢ, પાલિતાણા, બહુચરાજી, ગિરનાર, સોમનાથ, દ્વારકા, ડાકોર, શામળાજી વગેરેમાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ અને શ્રદ્ધાળુઓ દર્શન કરવા જાય છે. લોકો પોતાના ઈષ્ટદેવ-દેવીને ફળ એટલે કે નારિયળ અર્પણ કરતાં હોય છે.

લાખોની સંખ્યામાં ભક્તો આવતા હોય એટલે દેવ કે દેવીને અર્પણ કરાયેલાં ફળની સંખ્યા પણ વધુ હોય એસ્વાભાવિક છે.

ગુજરાતનાં પાવાગઢ ખાતે મા કાલિકાનાં દર્શને દરરોજ હજારોની સંખ્યામાં ભકતો આવે છે. જાહેર રજાના દિવસોમાં આ સંખ્યા લાખોમાં હોય છે. અહીં ફળ પણ હજારોની સંખ્યામાં મહાકાળી માતાને અર્પણ કરાય છે. અહીં રોજ આવતા હજારો ફળ અને તેના છોતરાંના લીધે મંદિર પરિસર તેમજ પાવાગઢનાં પર્વત ઉપર ઘણી ગંદકી થતી હતી. દુકાનદારો દ્વારા નારિયેળનાં છોતરાં સળગાવવાથી કાર્બન ડાયોક્સાઈડ તેમજ ક્યારેક વધુપડતા પવનના લીધે પાવાગઢ પર્વતનાં જંગલોમાં દવ એટલે કે આગ લાગવાના બનાવો બનતા હોય છે, જેનાથી પર્યાવરણને પણ વ્યાપકનુકસાન થતું હોય છે.

આ બધા કારણોના ઉકેલ માટે પાવાગઢ મા કાલિકા મંદિરના ટ્રસ્ટીઓ અને વન વિભાગ વચ્ચે મનોમંથન અને એક ચિંતન બેઠક યોજાઈ. આ મનોમંથન અને ચિંતનમાં, મા મહાકાળીના આશીર્વાદ હોય એમ એક નવા વિચારને અમલમાં મૂકવાનો નિર્ણય લેવાયો.

આ વિચાર હતો કોકોપીટનો (નારિયેળનાં છોતરાંમાંથી સેંદ્રીય ખાતર બનાવવાનો) અને તેના ઉપયોગનો કોકોપીટનો ઉપયોગ નર્સરીમાં છોડ ઉછેર કરવા માટે કરાય છે.

પાવાગઢના બોડા ડુંગરને વૃક્ષાચ્છાદિત કરવાં અને વૃક્ષોનો ઉછેર કરવાં અને આ નવા વિચારના અમલ માટે પાવાગઢના મા કાલિકા મંદિરના ટ્રસ્ટીઓએ ગત ઓગસ્ટ-૨૦૨૨માં છતરડીવાવની વન વિકાસ સહભાગી મંડળીને હપતે હપતે ફંડ ચૂકવવાનું શરૂ કર્યું.પાવાગઢના મા કાલિકા મંદિરના ટ્રસ્ટી સુરેન્દ્રભાઈ અને જીલ્લા વન અધિકારી મોરારીલાલ મીના તેમજ હાલોલના રેન્જ ફોરેસ્ટ ઓફિસર સતીશ બારિયાએ આ આખી યોજનાને અમલમાં મૂકવા કોકોપીટનો નવોઅભિગમ અપનાવ્યો અને તેનું શ્રેષ્ઠ રીઝલ્ટ પણ મેળવ્યું.

અત્યાર સુધી પાવાગઢના મા કાલિકા મંદિરમાં અર્પણ કરાયેલાં નારિયેળનાં છોતરાંનો કોઈ ઉપયોગ થતો ન હતો. ગુજરાતમાં પાવાગઢ એક એવું મંદિર છે, જ્યાં કોકોપીટનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. અહીં ફળ વધેરવાનું મશીન મૂકવામાં આવ્યું છે.

કોકોપીટના ઉપયોગથી છોડઉછેરવામાં આવે તો તેનીભેજ સંગ્રહશકિતમાં વધારો થાય છે. કોકોપીટ વજનમાં હલકું હોવાથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ ઘટે છે તથા સહેલાઈથી છોડની હેરફેર પણ થઈ શકે છે. મા કાલિકાનું મંદિર હોવાથી અહીં રો મટીરિયલ સારા પ્રમાણમાં મળી રહે છે. કોકોપીટના ઉપયોગથી ઓછા ખર્ચે છોડ ઝડપથીઉછરીને વિકાસ પામે છે.

મંદિરે આપેલા બજેટમાંથી વન વિભાગે કોકોપીટ બનાવવાની કામગીરીશરૂ કરીને નવલખી કોઠાર વિસ્તારમાં૧૦ હેક્ટર જમીનમાંવડ, પીપળ, જાંબુ, પારિજાત, કરમદાં, સીસમ, પાણીકણજી, કણજ, આમળાં ઉમરો, ગુંદા તેમજ અલગ અલગ ૨૮થી ૩૦ જાતનાં-૪૨,૦૦૦ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરાયું. પાવાગઢ તળેટીમાં ૨૦ હેક્ટર જમીનમાં ૩૨,૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યાં છે. એટલું જ નહીં, આ બજેટમાંથી ચાંપાનેર તળેટીથી પાવાગઢના માચી સુધી રોડની બંને સાઈડ થીમ બેઝ વાવેતર હેઠળ પાનાગારૂ, કચનાર, ગરમાળો, ગુલમહોર, તબુબિયાં જેવાં સુશોભિત ૨૫૦૦ રોપા અને વૃક્ષોનું વાવેતર પણ કરાયું છે.

નવલખી કોઠાર પાસે વૃક્ષોને ભેજ અને પાણી મળી રહે તે માટેપાવાગઢ હિલ ઉપરબે લાખ ક્યુસેક લિટરસંગ્રહશકિત ધરાવતા એક તળાવનું નિર્માણ કરાયું છે. આ તળાવના લીધેમાર્ચના અંત સુધી વૃક્ષોને ભેજ મળી રહે છે. નવલખી કોઠારની સામેના ભાગે અને પાવાગઢ હિલ ઉપર ૧૦ હેક્ટરમાં છોડવે-છોડવે પાણી મળી રહે એ માટે ડ્રીપ ઈરિગેશન પણ કરાયું છે.

હાલોલના રેન્જ ફોરેસ્ટ ઓફિસર સતીશ બારિયાએ જણાવ્યું હતું કે, કોકોપીટ(નારિયેળનાં છોતરાંમાંથી સેંદ્રીય ખાતર) બનાવવા માટે માચી ખાતે એક મશીન મૂકવામાં આવ્યું છે. જેમાં મોટાં છોતરાં નાના બારીક કરાય છે.હવે નાંનાં છોતરાંમાંથી બીજું મશીન બારીક ભૂકો તૈયાર કરે છે. જેનેકોકોપીટ કહેવાય છે.અહીં કોકોપીટનું કામ શરૂ થવાથી ૮થી ૧૦ પરિવારો રોજગારી મેળવી રહ્યા છે. જેમને કામ પ્રમાણે મહેનતાણું પણ ચૂકવાય છે. રોજનું અહીં ૧૫થી ૨૦ કિલો કોકોપીટ તૈયાર થાય છે.

કોકોપીટનો ઉપયોગ હાલમાં પંચમહાલ જીલ્લાની વિવિધ નર્સરીમાં કરાઈ રહ્યો છે. જીલ્લા વન અધિકારી મોરારીલાલ મીના (ડીસીએફ)એ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે ભદ્રકાળી મંદિરની આજુબાજુ દસ હેકટરમાં જમીનમાં ૧૧,૧૧૧ રોપા અને ટ્રસ્ટ તરફથી બનાવાઈ રહેલા ભોજનાલયની સામેની બાજુએ ૫ હેકટર જમીનમાં ૪૪૪૪ રોપા ઉછેરાશે.જયાં માણસ કામ ન કરી શકે તેવી પર્વતીય જગ્યાઓપર હાલોલ રેન્જ વન વિભાગ દ્વારા સીડબોલ થકી બીજનું વિતરણ કરાય છે.અહીં ડુંગરની આજુબાજુ સીડ સોઈંગ એટલે કે બીજનો છંટકાવ ડ્રોન દ્વારા કરીને વૃક્ષો ઉછેરવાની કામગીરી પણ કરવામાં આવશે.ભવિષ્યમાં કોકોપીટના વેચાણ માટે કેન્દ્ર પણ બનાવવામાં આવશે,જેથી યાત્રાળુઓ પોતાના ઘરના છોડ માટે એનો ઉપયોગ ખાતર તરીકે પણ કરી શકે.